| | | |
|---|---|---|
| આંક | : | |
| દાખલ તારીખ | : | ૨૧/૦૫/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | : | ૨૧/૦૫/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | | ૧૦/૦૭/૨૦૨૬ |
| સમય ગાળો | : | વર્ષ માસ દિવસ |
| | : | ૦૦ ૦૧ ૧૯ |

**મે.ના.શ્રી જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં**

**મુ. કવાંટ, જી. છોટાઉદેપુર**

**ફોજદારી કેસ નં. ૯૨૪/૨૦૨૬**

**ફરિયાદી** : શ્રી સરકાર
મારફતે : વિ.એ.પી.પી.શ્રી

**વિ રૂ ધ્ધ**

**આરોપી** : સાબુભાઈ મદુભાઈ રાઠવા
રહે. બૈડીયા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર

------------------------------------

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધ ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નંબર–સી–૨૦૦૧–૯૩,તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમા મુજબ**

------------------------------------

**ફોર્મ–એ**

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨ મુજબ. |
| ફરિયાદી | : | શ્રી ગુજરાત સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | : | વિ.એ.પી.પી.શ્રી, એસ.એસ. પઠાણ |
| આરોપી | : | સાબુભાઈ મદુભાઈ રાઠવા |
| આરોપી તરફે વિ.વ.શ્રી | : | એસ.આર. રાઠવા |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૦૫/૧૦/૨૦૨૪ |
| ફરિયાદ તારીખ | : | ૨૦/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | : | ૨૧/૦૫/૨૦૨૬ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૧૬/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | : | ૦૮/૦૭/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | : | ૧૦/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઈ હોય તો) | : | --- |

**<u>આરોપીની વિગત</u> :**

| | |
|---|---|
| આરોપીનુ નામ | સાબુભાઈ મદુભાઈ રાઠવા |
| ધરપકડની તારીખ | ૩૧/૧૨/૨૦૨૪ |
| જામીન પર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | ૩૧/૧૨/૨૦૨૪ |
| કયા ગુનાના આક્ષેપો છે? | બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨ મુજબ. |
| નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | નિર્દોષ |
| શું સજા કરી? | -- |
| સી આર.પી.સી.ની કલમ– ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે? | -- |

## ફોર્મ–સી
## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનુ લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

| નં. | સાહેદનુ નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ઢાંડીયાભાઈ નથુડીયાભાઈ રાઠવા | ફરીયાદી | ૧૧ |
| ૨ | અરવિંદભાઈ અંબુભાઈ રાઠવા | સાહેદ | |
| ૩ | | | |

## (બી) બચાવ પક્ષ તરફે (જો હોય તો) :

| નં. | સાહેદનુ નામ | વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

## (સી) કોર્ટ તરફે (જો હોય તો) :

| નં. | સાહેદનુ નામ | વિગત | આંક. |
|---|---|---|---|
| – | – | – | – |

## ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :

## (બી) <u>દસ્તાવેજી પુરાવા</u> :

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૪ |
| ૩ | એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૬ |

આ કામે ફરિયાદ પક્ષે તરફથી **આંક–૧૬** થી કલોઝીંગ પુરશીશ રજૂ કરેલ છે.

## બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| – | – | – |

------------------------------------

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમત મુકવામાં આવેલ છે.

(૨) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા. ૦૫/૧૦/૨૦૨૪ ના રોજ સાંજના આશરે સાડા ચારેક વાગ્યાના સમયે પોતાની એકટીવા સ્કુટી લઈ બૈડીયા ગામે ઢોરમુડા ફળીયામા આરોપી તેમની મો.સા. લઈને રોડ ઉપર ઉભા હતા તેઓએ ફરીયાદીને એકટીવા ઉભી રખાવી, ''તુ કવાંટ પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરવા માટે કેમ ગયેલો હતો'' તેમ કહી, એકદમ ઉશ્કેરાઈ જઈ, ફરીયાદી સાથે ઝપાઝપી કરી, ગળદાપાટુનો માર મારી, ફરીયાદીને ગળાના ભાગે ઉઝરડા કરી નાંખી, ફરીયાદીનુ પહેરેલુ પેન્ટ ફાડી નાંખી, ગમે તેમ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ઉપરોકત મુજબના ગુના કરેલ છે.

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, પંચો રૂબરૂ બનાવવાળી સ્થાનીક જગ્યાનું પંચનામુ કરી, આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાતા, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૪) આ કામના આરોપી વિરૂધ્ધ (ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૦૪) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ બજી જતાં, આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીને (ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપી સામેના ગુનાની મહત્તમ સજાની જોગવાઈ જોતાં સદર ગુનો (ક્રિ.પ્રો. કોડની કલમ–૨(એકસ)) ભારતીય નાગરીક સુરક્ષા સં હિતા ૨૦૨૩ ની કલમ–૨(૧)(ઝેડ) અન્વયે વોરંટ કેસ હોય, કાર્યરીતીના પ્ર કરણ–૧૯ અન્વયે પોલીસ રેકર્ડ પરથી રજૂ વોરંટ કેસની ઈન્સાફી કાર્યવાહી અનુસરવામાં આવેલ છે. (ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૬૩ મુજબ **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. સદર તહોમતનામું આરોપીને વાંચી સં ભળાવી તેમનું પ્રાથમીક નિવેદન **આંક–૦૫** થી નોંધેલ છે. આરોપીએ તેમના વિરૂધ્ધના આરોપોનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, (ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૬૫ અન્વયે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત જણાવેલ ફોર્મ–'સી' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૬) આ કામે ફરિયાદી પક્ષને વિશેષમાં સાહેદ કે કોઈ લેખિત –મૌખિક પુરાવો આપવાનો ન હોય તથા આ સદર કેસમાં કોઈ વધુ પુરાવા આપવા ન માંગતા હોવાથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

<u>**ફરિયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન**</u> :

(૭) ફરિયાદ પક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ આ કામે **આંક–૧૬** થી કલોઝીંગ પુરશીશ રજુ કરી છે અને તેમાં જણાવેલ છે કે, સદર કામે તેઓ ફરીયાદ પક્ષના કેસમાં હવે વધુ કોઈ લેખીત કે મૌખીક પુરાવો આપવા માંગતા નથી. આ કામે આરોપી સમક્ષ ખુલાસા/જવાબ માટે મુકવી પડે તેવી હકીકત રેકર્ડ પર ન હોઈ, (ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ હેઠળ આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૮) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો ધ્યાને લીધી.

(૯) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

<u>**–:: મુદા ::–**</u>

:૧: શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આ કામના ફરીયાદી તા. ૦૫/૧૦/૨૦૨૪ ના રોજ સાંજના આશરે સાડા ચારેક વાગ્યાના સમયે પોતાની એકટીવા સ્કુટી લઈ બૈડીયા ગામે ઢોરમુડા ફળીયામા આરોપી તેમની મો.સા. લઈને રોડ ઉપર ઉભા હતા તેઓએ ફરીયાદીને એકટીવા ઉભી રખાવી, ''તુ કવાંટ પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરવા માટે કેમ ગયેલો હતો'' તેમ કહી, એકદમ ઉશ્કેરાઈ જઈ, ફરીયાદી સાથે ઝપાઝપી કરી, ગળદાપાટુનો માર મારી, ફરીયાદીને ગળાના ભાગે ઉઝરડા કરી નાં ખી, ફરીયાદીનુ પહેરેલુ પેન્ટ ફાડી નાંખી, ગમે તેમ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, **બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨** મુજબ

શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

:૨: શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં,

:૨: આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૧૧)** પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરિયાદપક્ષ ધ્વારા ઉપર નોંધેલ ફકરા નંબર-૫ મુજબ મૌખિક પુરાવો અને ફકરા નંબર-૬ મુજબ લેખિત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. વિ.એ.પી.પી.શ્રીની દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતા પ્રબંધો ધ્યાને લીધા.

**મુદ્દા નંબર-૧ તથા ૨**. :-

**(૧૨)** ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદી-ઢાંડીયાભાઈ નથુડીયાભાઈ રાઠવાને **આંક-૧૧** થી તપાસેલા છે. સરતપાસમા તેઓએ જણાવ્યુ છે કે, બનાવ દોઢેક વર્ષ પહેલા સાંજના ચારેક વાગ્યાના સુમારે બૈડીયા ગામની નિશાળ આગળ બનાવ બનેલો. તે વખતે તેઓ તેમના ગામના અરવિંદભાઈ અં બુભાઈ તેમની એકટીવા લઈ બૈડીયા ગામેથી પીપલદા ગામે જવા નિકળેલા તે વખતે આરોપીએ તેમની એકટીવા ઉભી રખાવી અગાઉ થયેલ ઝગડા બાબતે સામાન્ય બોલાચાલી કરેલી તે વખતે ઠોકર વાગતા તેઓ રોડની બાજુ આવેલ બોરડીના ઝાડ સાથે અથડાઈ ગયેલા જેથી તેમનુ શર્ટ ફ્રીટી ગયેલ અને ગળાના ભાગે બોરડીના કાંટા વાગી ગયેલા. જેથી તેઓએ તે અંગે સારવાર કરાવેલી અને આવેશમા આવીને ફરીયાદ કરેલી. ફરીયાદીએ આંક-૧૨ વાળી

ફરીયાદ રજુ રાખી તેમા પોતાના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવેલુ છે તેમજ આરોપીને જોયેથી ઓળખતા હોવાનુ જણાવેલુ છે. ફરિયાદીએ તેમની ફરિયાદ મુજબની જુબાની આપેલ ન હોઈ, સરકારશ્રી તરફે વી.એ.પી.પી.શ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી, ઉલટ તપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસામાંથી પણ આોરપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી.

**(૧૨.૧)** બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે સામાધાન થઈ ગયેલ છે, આરોપીએ તેઓને કોઈ ગાળ બોલી માર મારેલ નથી કે, મારી નાંખવાની ધમકી આપેલી નથી.

**(૧૩)** ફરિયાદ પક્ષે આંક–૧૩ થી સાહેદ અરવિંદભાઈ અંબુભાઈ રાઠવા ને તપાસવામા આવેલા છે. સરતપાસમા તેઓએ જણાવ્યુ છે કે, બનાવ વખતે તેઓ તેમના ગામના ઢાંડીયાભમાઈ નથુડીયાભાઈ સાથે તેમની એકટીવા લઈ બૈડીયા ગામેથી પીપલદા ગામે જવા નિકળેલા તે વખતે આરોપીએ તેમની એકટીવા ઉભી રખાવી ફરીયાદી સાથે અગાઉ થયેલ ઝગડા બાબતે સામાન્ય બોલાચાલી કરેલી તે વખતે ફરીયાદીને ઠોકર વાગતા તેઓ રોડની બાજુ આવેલ બોરડીના ઝાડ સાથે અથડાઈ ગયેલા જેથી તેમનુ શર્ટ ફાીટી ગયેલ અને ગળાના ભાગે બોરડીના કાંટા વાગી ગયેલા. જેથી તેઓએ તે અંગે સારવાર કરાવેલી અને આવેશમાં આરવીને ફરીયાદ કરેલી. સાહેદે આરોપીને જોયેથી ઓળખતા હોવાનુ જણાવેલુ છે. સાહેદે ફરીયાદ હકીકતના સમર્થનમા જુબાની આપેલ ન હોઈ, સરકારશ્રી તરફે વી.એ.પી.પી.શ્રીએ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી, ઉલટ તપાસ કરેલ છે. પરંતુ ઉલટતપાસામાંથી પણ આોરપી ગુના સાથે સાંકળી શકાય તેવી કોઈ હકીકત જણાય આવતી નથી.

**(૧૩.૧)** બચાવ પક્ષ તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા તેઓએ એ બાબતોનો સ્વીકાર કરેલો છે કે, આરોપીએ ફરીયાદીને કોઈ ગાળ

બોલી માર મારેલ નથી કે મારી નાંખવાની ધમકી આપેલી નથી.

**(૧૪)** આ કામે આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુનાના તત્વોને ધ્યાને લેતાં તથા રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા, આરોપી અને ફરિયાદી વચ્ચે ઘરમેળે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે. ફરીયાદમા ફરીયાદીએ હાલના કામના આરોપીએ તેઓને ઈજા પહોંચાડેલાનો આક્ષેપ કરેલો છે પરંતુ આ ઈજાઓ આ કામના આરોપીએ પહોંચાડેલ હોવાની હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી. વધુમા ફરિયાદપક્ષે તપાસેલ ફરિયાદીની સાથે આરોપીને સામાન્ય બોલાચાલી થતા, તે વખતે તેઓ નીચે પડી ગયેલ હોવાનુ જણાવેલુ છે જેથી પણ આ કામે રજુ આંક-૧૫ વાળુ સારવર સર્ટીફીકેટ મુજબની ઈજા હાલના કામના આરોપીએ પહોંચાડેલી હોય તે બાબતને સમર્થન મળતુ નથી. વધુમાં તેઓનો સોગંદ ઉપરનો પુરાવો જોતા હાલના કામના આરોપીએ તેઓને કોઈ ઈજા પહોંચાડેલ હોય તેવુ તેમનુ કથન નથી. જેથી તેઓને થયેલ ઈજાઓ આ કામના આરોપીએ કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી. જે સંજોગોમાં રેકર્ડ પર આક્ષેપિત ગુનાની તાત્વીક હકીકતનો અભાવ જણાય આવે છે. પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં રાખી મુલવતા, ફરિયાદપક્ષ ધ્વારા આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પરે સાબિત કરી શકેલ નથી. ફરીયાદીએ ઉલટ તપાસમા તેઓ અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાનુ જણાવેલુ છે જે સંજોગોમાં એવું જણાય આવે છે કે, પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે પરંતુ રેકર્ડ ઉપર સમાધાન પુરસીસ આપેલી ન હોય માત્ર વધુ પુરાવો આપવો નથી તેવી **આંક-૧૬** થી પુરસીસ રજુ કરેલ છે. જે તમામ હકીકતો તથા ઉપર કરેલ ચર્ચા તેમજ રજુ થયેલ મૌખિક તથા લેખિક પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો પુરાવાના અભાવે શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ અદાલતએ સિધ્ધાંત સુવિદીત છે કે માત્ર એક સાહેદનો

પુરાવો સુદ્રઢ, વિશ્વસનીય અને શંકાથી પરે હોય તો તેના ઉપર આધાર રખી શકાય. પરંતૂ જયારે પુરાવામાં શંકા ઉદભવે ત્યારે તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકત નજર સમક્ષ રાખતા આ કામે પુરાવાનો અભાવ છે. જેથી શંકા ઉદભવે છે. જેથી એવું ઠરાવવામાં આવે છે કે ફરિયાદપક્ષ આરોપી વિરૂઘ્ધના ગુના શંકા પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદા નંબર–૧ નો નિર્ણય ''**નકાર**''મા આપવામા આવે છે અને મુદા નંબર–ર પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી **સાબુભાઈ મદુભાઈ રાઠવા** રહે. બૈડીયા, તા. કવાંટ, જી. છોટાઉદેપુર નાઓને (ક્રિ.પ્રો. કોડની કલમ–ર૪૮(૧)) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ર૦ર૩ ની કલમ–ર૭૧(૧) અન્વયે બી.એન.એસ. ની કલમ–૧૧૫(ર), ૩૫૧(ર), ૩૫૧(ર), ૩૫૧ (૩), ૩પર મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના આરોપી ઘ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારૂ ભારતીય નાગરીશ સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ રજુ કરેલ અગાઉ જામીન આ હુકમ ની તારીખ થી ૬–માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ/રીવીઝનનો નિર્ણય/નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(૪) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલના નિયમ–૧ ૭૯(એ)(૧) (૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ **તા. ૧૦ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૬
કવાંટ, જી.છોટાઉદેપુર

***(વી. એચ. ઠક્કર)***
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
કવાંટ, જી.છોટાઉદેપુર
જીજે ૦૧૬૯૬

// Arif G. Belim//